# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૧૩૮ તા. ૧૩-૦૨-૨૦૧૯ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા










# વેપારીયુદ્ધ વધારે ભડકશે તે ભય ઊભો થયો છે


અમેરિકન બજારોની અસર નીચે એશિયાઈ બજારો અને ભારતીય બજારોમાં ગયા અઠવાડિયાની મધ્ય સુધી તો તેજીમય ટ્રેન્ડ જળવાયો હતો પરંતુ અમેરિકન શેરબજારમાં ગુરુવારે અચાનક જ વેચવાલી શરૂ થઈ ગઈ અને માર્ચ મહિનામાં અમેરિકા અને ચીન વચ્ચે ટેરિફનો નવો તબક્કો શરૂ ન થાય ત્યાં સુધી અમેરિકન પ્રમુખ ચીનના પ્રમુખને નહીં મળે તેવા સ્ટેટમેન્ટ પછી ટ્રેડવોર વધારે ભડકશે તે ભય ઊભો થયો છે અને તે પાછળ અમેરિકન શેરબજારમાં અચાનક જ મોટી વેચવાલી શરૂ થઈ ગઈ હતી અને તેની અસર હેઠળ એશિયાઈ બજારો પણ શુક્રવારે સવારે નબળા ખૂલ્યા હતા અને ભારતમાં પણ સેન્સેક્ષ ૧૧૮ પોઈન્ટના ઘટાડા સાથે ખૂલ્યું હતું.

ભારતીય સમય પ્રમાણે ગુરુવારે રાત્રે અમેરિકન પ્રમુખ ચીનના પ્રમુખને અમેરિકા-ચીન વ્યાપાર અંગેની આખર તારીખ સુધી નહીં મળે તેવા સ્ટેટમેન્ટ પછી વેપારીયુદ્ધ વધારે ભડકશે તે ભય ઊભો થયો હતો અને તે પાછળ ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીયલ એવરેજમાં ૨૨૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો. સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ-૫૦૦ ઈન્ડેક્ષમાં પણ ૦.૯૪ ટકાનો ઘટાડો હતો. અમેરિકન મીડિયા એજન્સી સીએનબીસી દ્વારા આ માહિતી જાહેર કરવામાં આવતા બજાર એકદમ તૂટી ગયું હતું અને વ્યાપાર સમજૂતીથી બંને દેશો ખૂબ જ દૂર હોવાનું વ્હાઈટહાઉસના આર્થિક સલાહકાર લેરી કુડલોએ જાહેર કર્યું હતું.

સામે પક્ષે અમેરિકામાં બેરોજગારીના આંકડા પણ થોડા નબળા આવ્યા છે. અર્થસાસ્ત્રીઓએ ૨૨૧૦૦૦ બેરોજગારોની અપેક્ષા હતી અને તેની સામે અમેરિકામાં સાપ્તિહિક બેરોજગારીના દાવા ૨૩૪૦૦૦ થયા છે અને તેની અસર પણ સેન્ટીમેન્ટ ઉપર હતી.

સામે પક્ષે અમેરિકામાં અત્યાર સુધી જે કંપનીઓના પરિણામો આવ્યા તે પરિણામો અંગે પણ ખાસ કોઈ આશાવાદ નથી અને અત્યાર સુધીના કંપનીઓના પરિણામોમાં અપેક્ષા કરતા થોડી નબળાઈ જોવા મળી છે. અગાઉના વર્ષની સરખામણીમાં ભલે ટોચની કેટલીક કંપનીઓમાં વૃદ્ધિદર જોવાયો હોય પરંતુ એકંદરે આશાવાદ ઘટ્યો છે અને તેની અસર પણ બજાર

**રિઝર્વ બેંકે રેપોદરમાં જે ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો તે પણ એક આડકતરો નકારાત્મક સંકેત છે.**



ઉપર થવા લાગી છે. પરંતુ અત્યારના તબક્કે મુખ્ય પાસું વ્યાપાર યુદ્ધનું છે અને આ ભયને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં એક ચિંતાનું વાતાવરણ છે. આ વર્ષે યૂરોપિયન કમિશન દ્વારા તેના યૂરોઝોનના આર્થિક વૃદ્ધિના અંદાજોમાં ઘટાડો કર્યો છે અને યૂરોપિયન કમિશનને ભય છે કે તેમના મહત્ત્વના અર્થતંત્રમાં વૈશ્વિક વ્યાપાર ટેન્શનને કારણે અસર પડશે. સને ૨૦૧૮ માટે યૂરોપિયન કમિશને ૧.૯ ટકા વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો અને હવે તેને ઘટાડીને ૧.૩ ટકા કરી દેવામાં આવ્યો છે.


બેંક ઓફ ઈંગ્લેન્ડ દ્વારા પણ ઈંગ્લેન્ડના અર્થતંત્ર અંગે નબળો સંકેત આપ્યો છે અને સને ૨૦૧૯ માટેનો અંદાજ બેંક ઓફ ઈંગ્લેન્ડે ઘટાડ્યો છે. તેના મંતવ્ય મુજબ સને ૨૦૦૯ પછી સૌથી ધીમા દરે ઈંગ્લેન્ડનું અર્થતંત્ર વૃદ્ધિ પામશે.

સામે પક્ષે ભારતમાં પણ હવે કોઈ પોઝિટિવ પરિબળો નથી દેખાતા અને તેમાં રિઝર્વ બેંકે ગુરુવારે રેપોદરમાં જે ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો તે પણ એક આડકતરો નકારાત્મક સંકેત છે. એમ તો રિઝર્વ બેંકે વૃદ્ધિને ધ્યાનમાં રાખીને રેપોદરમાં ઘટાડો કર્યો હોવાનું દર્શાવ્યું છે પરંતુ સામે પક્ષે જ્યારે અર્થતંત્ર તેજીતરફી હોય અને ફુગાવો ધીરે ધીરે સુધરી રહ્યો હોય ત્યારે ફુગાવાને અને અર્થતંત્રની ગતિને અંકુશમાં રાખવા માટે રિઝર્વ બેંક અને કોઈ પણ દેશની સેન્ટ્રલ બેંક વ્યાજદર વધારે પરંતુ આ વખતે ભારતીય રિઝર્વ બેંકે તે મુજબનું પગલું નથી લીધું અને આર્થિક વૃદ્ધિ ખતરામાં હોવાનું દેખાતા તેણે રેપોદરમાં ઘટાડો કર્યો છે. (આ પ્રકારનું એનાલિસીસ તમને અન્ય કોઈ એનાલિસ્ટ દ્વારા નહીં દર્શાવાય)

તે જ પ્રકારે ગયા અઠવાડિયે પણ અમેરિકામાં ફેડરલ રિઝર્વે અત્યાર સુધી જે વ્યાજદર વધારાતો હતો તેને પાછો ઠેલવાનું નક્કી કર્યું છે અને સ્વાભાવિક છે કે અમેરિકન ફેડરલ રિઝર્વને પણ અમેરિકન અર્થતંત્ર અંગે આ જ પ્રકારનો ભય હોય અને તેણે તો તે મુજબનું સ્ટેટમેન્ટ પણ આપ્યું છે.

સામે પક્ષે ભારતીય શેરબજાર માટે હવે પોઝિટિવ પરિબળો પૂરા થઈ ગયા છે. ડિસેમ્બર ક્વાર્ટરના સારી કંપનીઓના પરિણામો આવી ગયા અને હવે નબળી અને નાની કંપનીઓના પરિણામો આવશે અને તે પણ અપેક્ષા મુજબ નબળા આવતા જાય છે. લોકસભાનું સત્ર પણ આવતા અઠવાડિયે પૂરું થઈ જશે અને અત્યાર સુધી જે બજેટ અંગે આશા હતી તે પરિબળ પણ નથી રહ્યું અને તેથી હવે કેવળ ચૂંટણીનો માહોલ જ રહેશે અને તે અંગનું રણશિંગુ તો વડાપ્રધાન શ્રી મોદીએ ગુરુવારે લોકસભામાં ફૂંકી દીધું હતું. અને હવે વિવિધ પક્ષો દ્વારા ચૂંટણી પ્રચાર શરૂ થઈ જશે. પરંતુ અત્યારે જે રીતે ખૂદ ભાજપના સભ્યોમાં અને આરએસએસમાં પરિણામો અંગે અનિશ્ચિતતા દેખાય છે તે પાસું આપણે ધ્યાન બહાર ન રાખવું જોઈએ.

છેલ્લા થોડા દિવસોથી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી, અમિત શાહ અને શ્રી મોદીની વિરુદ્ધમાં સ્ટેટમેન્ટ આપે છે અને શ્રી ગડકરીની વિરુદ્ધમાં એકપણ ભાજપ સભ્યએ ટિપ્પણી નથી કરી અને તેનો સીધો અર્થ એ થાય કે શ્રી




ગડકરીને આરએસએસનો સંપૂર્ણ સપોર્ટ છે. અને આગામી ચૂંટણીમાં ભાજપને અપેક્ષા કરતા ખૂબ ઓછી બેઠક મળે અને તેવા સંજોગોમાં જો વિરોધ પક્ષોનો સાથ લઈને સરકાર બનાવવી પડે તો તેવા સંજોગોમાં અન્ય પક્ષો શ્રી મોદીને વડાપ્રધાન તરીકે ન સ્વીકારે. અને તે સંજોગોમાં ગડકરીને વડાપ્રધાન તરીકે રજૂ કરવામાં આવે તે સ્ટ્રેટેજી અત્યારે આરએસએસના મગજમાં લાગે છે પરંતુ શેરબજારના ખેલાડીઓ માટે મહત્ત્વની વાત એ છે કે જો સત્તાધારી પક્ષને જ પૂરતી બહુમતી અંગે આશંકા




હોય તો તેની નબળી અસર બજારની ચાલ ઉપર આગામી દિવસોમાં રહેશે.

ચાણક્યમાં તો છેક દિવાળી પછીના અંકમાં સને ૨૦૧૯માં મોટો કડાકો ડ્યૂ હોવાનો સ્પષ્ટ સંકેત આપી રહ્યા છીએ અને છેલ્લા થોડા દિવસોથી તમે જોશો તો નિફ્ટીના ૫૦ શેરોમાંથી માંડ ૫ શેરો જ ઊંચકાય છે. અને મીડકેપ અને સ્મોલકેપના હજારો શેરોમાંથી માંડ ૧૦થી ૧૫ શેરોમાં જ સુધારાનો ટ્રેન્ડ છે અને બાકીના શેરો એકદમ નબળી ચાલ દર્શાવે છે અને તમારા પોર્ટફોલિયોમાં પણ તેની અસર તમને દેખાતી હશે. આમ એકદમ કૂદી પડવાને બદલે ઉછાળાનો આ લાભ લઈને તમારા પોર્ટફોલિયોને થોડોક સિમિત કરી નાખવાનું શાણપણ જરૂરી છે.

આ સ્ટ્રેટેજીમાં કદાચ થોડો નફો ઓછો મળશે પરંતુ મૂડીની બાદબાકી નહીં થાય અને આ જ ચીજ વોરન બફેટ હંમેશાં સમજાવે છે.

નવેમ્બર અને ડિસેમ્બરના નબળા વેચાણો પછી ઓટોમોબાઈલ સેક્ટરના જાન્યુઆરીના વેચાણો ઘણા જ સુંદર આવ્યા છે અને ખાસ કરીને પેસેન્જર કારના વેચાણોમાં જાન્યુઆરી મહિના દરમિયાન ૩૪ ટકાનો સુંદર ઉછાળો આગલા મહિનાની સરખામણીમાં જોવાયો છે. જાન્યુઆરી મહિના દરમિયાન લગભગ તમામ કંપનીઓ દ્વારા માલ ઘટાડવા માટે મોટા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યા છે અને સાથે સાથે મારૂતિ સુઝુકી, તાતા મોટર્સ અને નિસાન ઈન્ડિયા દ્વારા નવા લોન્ચીંગ શરૂ કરાયા હોવાની અસર પણ જાન્યુઆરીના વેચાણો ઉપર થઈ છે.

ટોચની પાંચ કાર ઉત્પાદકોના હોલસેલ વેચાણો હજી પણ દબાણ હેઠળ રહ્યા છે અને અમૂક કિસ્સામાં નેગેટિવ ટ્રેન્ડ પણ જોવાયો. નવેમ્બરના તહેવારોના મહિનાથી ડિલરોના ગળામાં મોટો સ્ટોક ભરાઈ ગયો હતો અને તેથી જાન્યુઆરી મહિના દરમિયાન કંપનીઓ દ્વારા ડિલરોને થયેલા વેચાણોમાં ખાસ કોઈ જ ઉછાળો નથી જોવાયો. પરંતુ ડિલરો દ્વારા રીટેઈલ વેચાણોમાં સુંદર વૃદ્ધિ હાંસલ થઈ છે. તાતા મોટર્સના હોલસેલ વેચાણો તો ૧૧ ટકા ઘટ્યા છે. જ્યારે મારૂતિના હોલસેલ વેચાણો કેવળ ૦.૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે અને હૂંડઈના વેચાણો પણ કેવળ ૦.૬ ટકા જ વધ્યા છે.

પરંતુ સામે પક્ષે પેસેન્જર કારના રીટેઈલ વેચાણો ૨૦૨૫૮૫ યુનિટથી વધીને ૨૭૧૩૯૫ યુનિટ થયા છે. અને તે ખૂબ જ પોઝિટિવ પાસું છે અને એનાલિસ્ટોની અપેક્ષા મુજબનો આ ટ્રેન્ડ જોવાયો છે. અને જે રીતે રીટેઈલ વેચાણો ઝડપથી વધ્યા છે તેને કારણે આવતા મહિનાથી હોલસેલ વેચાણોમાં પણ સુંદર ઉછાળો જોવાશે તેવી ગણતરી છે.

ટુ-વ્હીલરના વેચાણો પણ જાન્યુઆરી મહિના દરમિયાન ૪.૨૫ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. એક તરફ વ્યાજદર વધ્યા અને બીજી તરફ ટુ-વ્હીલર ઉપરનો ઈન્સ્યોરન્સ પ્રિમિયમ ખર્ચ વધી ગયો તેને કારણે બે-ત્રણ મહિનાથી ગ્રાહકો નવી ખરીદીથી દૂર રહ્યા હતા અને તે પાછળ ડિલરના માથા ઉપર ૫૫થી ૬૦ દિવસના વેચાણ જેટલો સ્ટોક થઈ ગયો હતો. પરંતુ હવે જાન્યુઆરી મહિના દરમિયાન રીટેઈલ વેચાણો ૧૧૪૧૨૦૯ યુનિટથી વધીને ૧૧૮૯૬૭૯ યુનિટ થઈ ગયા છે.

સામે પક્ષે કોમર્શિયલ વાહનોના વેચાણોમાં હજી પણ નબળાઈનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. એકતરફ એક્સલ લોડ અંગેના નવા નિયમોની અસર પડી છે અને તેવી જ રીતે ધિરાણો પણ મોંઘા થયા હોવાથી કોમર્શિયલ વાહનોના વેચાણો એકંદરે ઠંડા રહ્યા છે અને તેમાં તાતા મોટર્સના વેચાણોને વધારે ફટકો પડ્યો અને તાતા મોટર્સના વેચાણો ૬ ટકા ઘટી ગયા છે. જ્યારે અશોક લેલેન્ડના વેચાણો ૧૨ ટકા વધ્યા છે અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના વેચાણોમાં પણ ૮ ટકાનો સુધારો જોવાયો છે.

આમ ઓટોમોબાઈલ સેક્ટરમાં એકંદરે સાવચેતીભર્યો ટ્રેન્ડ જોવા મળ્યો છે અને તેની અસર શેરોના ભાવ ઉપર પણ રહેશે તેવી ગણતરી છે.

**તાતા મોટર્સ** દ્વારા ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂા. ૨૭૦૦૦ કરોડનું અભૂતપૂર્વ નુકસાન દર્શાવાયું અને આ વખતે તાતા મોટર્સે જગુઆરની રૂા. ૨૭૮૩૮ કરોડની અસ્ક્યામતો માંડી વાળવાની વ્યૂહરચના અપનાવી છે. તાતા ગ્રૂપ દ્વારા હંમેશાં ખૂબ જ કન્ઝર્વેટીવ અભિગમ દર્શાવાય છે. અને રોકાણકારો ભલે નાખુશ થાય પરંતુ કાયદા મુજબ માંડવાળો કરી લેવાની વ્યૂહરચના હંમેશાં અપનાવાઈ છે અને આગામી દિવસોમાં તાતા ગ્રૂપની આ વ્યૂહરચનાને કારણે શેરતરફનું આકર્ષણ જળવાઈ રહેશે. નિરાશાજનક પરિણામો પછી તાતા મોટર્સનો શેર અત્યારે રૂા. ૧૫૪ ઉપર આવી ગયો છે અને હવે આ શેરમાં ઘટવાની જગ્યા ખૂબ જ મર્યાદિત થઈ ગઈ છે અને હવે તેમાં રોકાણ જાળવી શકાય.

સામે પક્ષે **અશોક લેલેન્ડ**ના જાન્યુઆરીના વેચાણો સારા આવ્યા. અશોક લેલેન્ડના શેરમાં ભારોભાર નબળાઈ અને ઘટાડો જોવા મળશે તે સંકેત છેલ્લા ઘણા સમયથી આપતા હતા અને તે મુજબ અશોક લેલેન્ડનો શેર છેક રૂા. ૮૨ સુધી નીચે આવી ગયા પછી હવે ધીમો સુધારો દર્શાવે છે અને અત્યારના રૂા. ૮૭ના ભાવે આ શેરમાં ઘટવાની જગ્યા ખૂબ જ મર્યાદિત છે.

**ટીવીએસ મોટર્સ** પણ અત્યારે તેના બાવન અઠવાડિયાના બોટમ નજીક ચાલી રહ્યો છે. ટીવીએસ મોટર્સમાં પણ ભાવ તૂટશે તે સંભાવના દર્શાવી હતી અને તે મુજબ રૂા. ૪૭૦નું તળિયું બતાવી શેર અત્યારે રૂા. ૪૯૭ ઉપર છે. અને હવે આ શેરમાં રૂા. ૨૦ના ઘટાડાની મહત્તમ સંભાવના અને તે પછી આ શેરમાં અપટ્રેન્ડ શરૂ થઈ જશે.

તેવી જ રીતે **હીરોમોટો કોર્પ**ના શેરમાં પણ હજી થોડી નબળાઈનો




તબક્કો ચાલી રહ્યો છે. હીરોમોટો કોર્પના વેચાણોને અસર પડી છે પરંતુ જે રીતે બજેટમાં ગ્રામ્ય ભારત માટે ભરપૂર લહાણીઓ છે તેનો ફાયદો ટુ-વ્હીલર સેક્ટરને પણ મળી શકશે અને હવે જ્યારે જાન્યુઆરી મહિના દરમિયાન પણ ટુ-વ્હીલરના વેચાણો વધ્યા છે ત્યારે રૂા. ૨૯૩૯વાળા હીરોમોટો કોર્પના શેરમાં પણ મજબૂત અપટ્રેન્ડ જોવા મળશે તે સંભાવના છે અને તેથી આ તબક્કે હીરોમોટો કોર્પનો શેર વેચી નાખવાની ઉતાવળ ન કરાય.

સામે પક્ષે **બજાજ ઓટો**ના શેરમાં પણ આકર્ષણ વધી રહ્યું છે અને આગામી દિવસોમાં આ શેર ધીમો સુધારો બતાવશે તેવી ગણતરી છે. નાનું રોકાણ કરી શકાય.

કોમર્શિયલ વાહનોમાં **એસ્કોર્ટ**નો શેર અત્યારે ફક્ત રૂા. ૬૭૨ ઉપર છે. એસ્કોર્ટ અર્થમુવિંગ ઈક્વીપમેન્ટ અને ટ્રેક્ટરના ઉત્પાદનમા મોટું નામ છે અને એકંદરે ટ્રેક્ટરના વેચાણો હજી પણ મજબૂતી દર્શાવે છે. જ્યારે વિવિધ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને લીધે અર્થમુવિંગ ઈક્વીપમેન્ટની માંગ પણ મજબૂત છે. તાજેતરમાં રૂા. ૫૪૨નું તળિયું બતાવ્યા પછી શેર રૂા. ૬૭૨ ઉપર આવ્યો છે. થોડો સમય ભલે આ શેરમાં નબળાઈ દેખાય પરંતુ તેમાં રોકાણ જાળવી રાખવું અને આગામી દિવસોમાં આ શેરમાં ધીમો અપવર્ડ ટ્રેન્ડ રહેશે તેવી સંભાવના છે.

રૂા. ૭૬૦ના ભાવે મળતા **ભારત અર્થમુવર્સ**ના શેરમાં પણ હવે ખાસ ઘટાડો નથી દેખાતો. ભારત સરકારની આ કંપનીમાં ધીમો સુધારો જોવા મળવાની ગણતરી છે.

રૂા. ૧૮ના ભાવે મળી રહેલા **સેબકો**ના શેરમાં કોઈ કસ નથી. આ સ્મોલકેપ શેર છે અને તેમાં એનાલિસ્ટો ભલે તેજીની વાત કરતા હોય પરંતુ આ તબક્કે મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં એકદમ સાવચેત રહેવામાં ફાયદો છે.

રૂા. ૧૫૫૭ના ભાવે **વીએસટી ટિલર્સ** કે જે ખેતી અંગેના ઈક્વીપમેન્ટ બનાવે છે તેના શેરમાં મજબૂતી રહેશે પરંતુ એકદમ તોતિંગ ઉછાળો આવી જાય તેવી કોઈ આશા નથી દેખાતી.

નાની ટ્રકનું ઉત્પાદન કરતી **એસએમએલ ઈસુઝુ**નો શેર હજી ટકી રહ્યો છે પરંતુ તે શેરમાં પણ લાંબો કસ નથી દેખાતો. એસએમએલ ઈસુઝુ અત્યારે રૂા. ૫૭૮ ઉપર ચાલે છે.

દેશની ટોચની પેસેન્જકાર કંપની **મારૂતિ**ના વેચાણો થોડાક સુધર્યા છે અને છેલ્લા થોડા દિવસોમાં બાવન અઠવાડિયાનું બોટમ બતાવી શેર હવે ધીમો સુધારો દર્શાવે છે. અત્યારના રૂા. ૭૩૦૦ના ભાવે રોકાણ જાળવી શકાય. એકદમ ઝડપથી ભાવ નહીં વધે પરંતુ સામે પક્ષે એકદમ તૂટી જવાની સંભાવના પણ નહીંવત છે.

**મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**ના વેચાણો થોડાક સુધર્યા અત્યારે રૂા. ૭૦૦ ઉપરના આ શેરમાં પણ ટૂંકી વધઘટ ઉપર જ ભાવ રહેશે તે સંભાવના વધારે છે.

**આયશર મોટર્સ**ના શેરમાં લાંબો કસ નથી અને છેલ્લા થોડા સમયથી રોયલ અનફિલ્ડના વેચાણોને અસર પડી રહી છે અને અગાઉ જે રોયલ અનફિલ્ડના વેચાણો ૫૦ ટકાના દરે વધી રહ્યા હતા તેમાં હવે નીચો ટ્રેન્ડ આવી ગયો છે અને આ પાસાને લીધે આયશર મોટર્સનો શેર આગામી દિવસોમાં વધારે મોટા ગાબડાં બતાવે તો નવાઈ નહીં લાગે. સાવચેત થઈને થોડુંક એક્સપોઝર કાપી નાખવું ખૂબ જ સલાહભરેલ છે.

ઓટો એન્સિલરી સેક્ટરમાં એકદમ નબળાઈ હોવાનો સંકેત અગાઉ પણ આપ્યો હતો અને તે વખતે તમને યાદ હશે કે મધરસન સુમિનો શેર એકદમ તૂટી જશે તેમ પણ કહ્યું હતું અને દેશની આ ટોચની ઓટોએન્સિલરીનો શેર ઘટીને અત્યારે રૂા. ૧૩૫ ઉપર આવી ગયો છે.

કેટલાક એનાલિસ્ટો ઓટોએન્સિલરી શેરોમાં તેમના પોતાના બેલેન્સશીટના આધારે લેવાની ભલામણ કરે છે પરંતુ આ સેક્ટરનું ભાવિ સીધેસીધું ઓટોમોબાઈલ સેક્ટર સાથે સંકળાયેલું છે તે પાસું તેઓ ભૂલી જાય છે અને જ્યારે સમગ્ર ઓટોમોબાઈલ સેક્ટર ભલે તે ભારતનું હોય કે પરદેશનું તેમાં નબળાઈનો ભય હોય ત્યારે મધરસન સુમીના શેરને ગંભીર અસર પડે તે સ્વાભાવિક છે અને અત્યારના રૂા. ૧૩૫ના ભાવે પણ આ શેર ૨૫નો પીઈરેશિયો દર્શાવે છે. મધરસન સુમીમાં આગામી દિવસોમાં હજી થોડી નબળાઈ જોવા મળે તેવી ગણતરી છે. જ્યારે વેચાણ વૃદ્ધિ એકદમ ઠપ્પ થઈ ગઈ હોય અને નફામાં નેગેટિવ ટ્રેન્ડ હોય ત્યારે આ શેર માટે મોટી આશા રાખવામાં મજા નથી.

તેવી જ રીતે ઓટોમોબાઈલ ડિશબોર્ડના ઈન્સ્ટ્રુમેન્ટ બનાવતી **પ્રીકોલ**નો શેર પણ અત્યારે ઘટીને રૂા. ૩૮ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં પ્રીકોલના શેરમાં હવે વધારે ઘટાડાની જગ્યા નથી દેખાતી. એમપણ રૂા. ૯૨ની તો બુકવેલ્યૂ છે અને વેલ્યૂએશન હવે વધારે પડતું નીચું આવી ગયું છે. પ્રીકોલમાં અત્યારના ભાવે નાનું રોકાણ કરી શકાય.

રૂા. ૧૩૯ ઉપર આવી ગયેલા **મીન્ડા કોર્પોરેશન**ના શેરમાં હજી પણ નબળાઈ દેખાય છે. મીન્ડમાં એક તબક્કે એકડો અને બે મીન્ડાનો ભાવ થઈ ગયો હતો અને તે જ ભાવ ફરી વખત જોવા મળે તો નવાઈ નહીં લાગે અને તેથી એક્સપોઝર થોડું કાપી શકાય.

રાહુલ બજાજના ભાણિયાની કંપની **વેરોક એન્જિનિયરીંગ**નો શેર પણ અત્યારે રૂા. ૬૨૧ ઉપર આવી ગયો છે. કંપનીની લાંબાગાળાની કામગીરી ખૂબ સુંદર છે પરંતુ રૂા. ૧૧૭૭ના ટોપની સામે શેર અત્યારે લગભગ અડધા ભાવ ઉપર આવી ગયો અને આ ભાવે વેરોકમાં ૫-૫ના લોટમાં માલ ભેગો કરી શકાય. ઉછાળાની જગ્યા હાલમાં ભલે ઓછી હોય પરંતુ અત્યારના લેવલથી આ સારી કંપનીમાં ઘટવાની જગ્યા ખૂબ ઓછી છે.

હીરોમોટો કોર્પ ગ્રૂપની **મુંજાલ સોવા** કે જે ટુ-વ્હીલર માટેના શોકએબ્સોર્બર બનાવે છે તેનો શેર અત્યારે ફક્ત રૂા. ૧૬૬ ઉપર આવી ગયો છે. ટુ-વ્હીલરના વેચાણો હવે જ્યારે સુધરી રહ્યા છે ત્યારે મુંજાલ સોવાને ફાયદો મળશે અને એમ પણ વેલ્યૂએશન એકદમ કિફાયતી છે અને આ ભાવથી ઘટવાની જગ્યા નહીંવત.

**લુમેક્સ ઈન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે ફક્ત રૂા. ૧૫૫૦ ઉપર છે. બાવન અઠવાડિયામાં આ શેરમાં રૂા. ૨૫૮૫નો ભાવ જોવાયો હતો અને આગામી દિવસોમાં આ શેરમાં વધારે તીવ્રતાથી ભાવ તૂટશે તેવી ગણતરી છે. કમાણીની સરખામણીમાં શેર ઘણા ઊંચા વેલ્યૂએશન ઉપર ચાલી રહ્યો છે.

મોટરસાઈકલ માટેની ચેઈન બનાવતી કંપની **એલજી બાલક્રિષ્ણન**નો શેર અત્યારે રૂા. ૪૧૧ ઉપર છે અને તાજેતરમાં જ આ શેરમાં રૂા. ૩૬૦નું તળિયું બન્યું હતું. એલજી બાલક્રિષ્ણનમાં અત્યારના ભાવથી ઘટવાની જગ્યા ખૂબ ઓછી છે અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.




## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter and Nine Months ended on 31st December, 2018**

(Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended on 31.12.2018 | Nine Months Ended on 31.12.2018 | Corresponding quarter ended in the previous year 31.12.2017 |
|---|---|---|---|
| Total Income from the operations | 1211.14 | 5217.07 | 1387.21 |
| Net Profit/(Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 102.03 | 457.91 | 118.73 |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 102.03 | 457.91 | 118.73 |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 72.48 | 333.09 | 83.93 |
| Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period (after tax) and other comprehensive Income (after tax)] | 71.00 | 332.12 | 84.85 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Earning per share (of Rs.10 each) (for continuing and discontinued operations) | | | |
| Basic: | 2.39 | 11.00 | 2.77 |
| Diluted: | 2.39 | 11.00 | 2.77 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarter and Nine Months ended Financial Results as per IND AS filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 31st December, 2018 are available on the Stock Exchange website (https://www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/#!#equity) and on website of the company at (http://www.dynaind.com/investors_zone.html).
2. The above financial results of the Company were reviewed by the Audit Committee in its meeting held on February 11, 2019. The Board of Directors in its meeting held on February 11, 2019 approved the same and also Limited Review were carried out by the Statutory Auditors.
3. As the company is having only one segment, there are no reportable segment in accordance with the requirement of Ind AS 108 " Operating Segment" specified under Section 133 of the Companies Act, 2013.
4. Figures of the previous quarter/period have been regrouped, wherever necessary.

Date : 11th February,2019
Place : Ahmedabad

For, Dynamic Industries Ltd.
Sd/-
Dipakkumar Choksi
Chairman & Whole Time Director
DIN : 00536345